જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૩૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી ૧૦૧ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૩૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદમાં ખુનની કલમનો ઉમેરોઃ-** **સમાચાર યાદી નં.૬૩૭/૧૬**

**વટવાઃ** જયેશભાઈ ઉર્ફે જસુ રણજીતભાઇ સોલંકી (ઉ.વ.૧૯)(રહે.માનવનગર સોસાયટી પીકનીકપાર્કની બાજુમાં મદ્રાસી મંદિરની પાછળ વટવા) એ તા.૫/૪/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૪/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વટવા પ્લેટીનિયમ એસ્ટેટ આગળ જૈમિનપાર્ક સોસાયટી સામેથી જયેશભાઈ અને સાહેદ નિમીત પસાર થઈ રહ્યા હતા ત્યારે વટવા મારૂતિ રેસીડન્સી ચરણોદય પાર્ક સોસાયટી પાસે રહેતા ૧૭ વર્ષના આરોપીએ કાયદાના સંઘર્ષમાં આવી અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી જયેશભાઈ સોલંકી અને સાહેદ નિમીત ઉપર જીવલેણ હુમલો કરી કટાર જેવા હથિયાર વડે સાહેદ નિમીતને પેટના ભાગે ગંભીર ઈજાઓ કરી ખુનની કોશિશ કરી હતી.

ઈજાગ્રસ્ત નિમીતને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન નિમીતનુ મૃત્યુ નિપજતા વટવા પોલીસે ગુનામાં ખુનની કલમનો ઉમેરો કરી આરોપીને અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ ડી ગોહિલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૬૩૮/૧૬**

**વાડજઃ** નટવરભાઈ માભાજી ઠાકોર (રહે,બહુચરભવન તિરુપતિ હોસ્પીટલની બાજુમા શીવમ એપાર્ટમેન્ટ સામે અખબારનગર સર્કલ નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૪/૧૬ કલાક ૨/૩૦ થી સવારનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના, ચાંદીના સિક્કા, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે બી બુબડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૩૯/૧૬**

**શાહીબાગઃ** અલ્કાબહેન જીતેન્દ્રભાઇ સોની (ઉ.વ.૪૫) (રહે. ચાંદની એપાર્ટમેન્ટ સોલા રોડ નારણપુરા) તા.૫/૪/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ અન્ડરબ્રીજ થી સરદાર સ્મારક તરફ જતા રોડ ઉપર પાર્થેય કો.ઓ સો ની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અલ્કાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલકાબહેન સોનીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે એ પ્રજાપતિ ચલાવે છે.

**ચાંદખેડાઃ** રશ્મિબહેન રવિન્દ્રભાઈ ગુપ્તા (ઉ.વ.૩૧) (રહે.ગોપાલ રેસીડન્સી બંસીવિલાની પાસે ચાંદખેડા) તા.૫/૪/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રશ્મિબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૮,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રશ્મિબહેન ગુપ્તાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એમ વાઢેર પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૪૦/૧૬**

**મેઘાણીનગરઃ** રમાબહેન ગીરીશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮) (રહે.કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૩/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એંગલ સાથે દોરી બાંધી આત્મહત્યા કરવાની કોશિશ કરી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૫/૪/૧૬ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વાય પી પટેલ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ** મોહસીન ગુલબહાદુર પઠાણ (ઉ.વ.૩૧) (રહે.સીપાઈવાસ જામા મસ્જીદ પાસે સરખેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૪/૪/૧૬ રાતના ૯/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નહેરૂબ્રીજ નીચે, સાબરમતી રીવરફ્રંટ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** સુરેશભાઈ ભુદરભાઈ સોલંકી (ઉ.વ.૩૫) (રહે.મારૂભાઈની ચાલી ગીરધરનગરબ્રીજ નીચે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૫/૪/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે, રીવરફ્રંટ નારણઘાટ પાસે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ વિરાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)